જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૪/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૦૩ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૦ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૫૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૩૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૩૭/૨૦૨૬**

મણીનગરઃ ગોપાલ ભેરાજી પ્રજાપતિ (રહે.નમ્રતા ટેનામેન્ટ, પારસનગર, ઈસનપુર વટવા રોડ, નારોલ) એ તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ મણીનગર પુષ્પકુંજ એ.યુ.સ્મોલ બેન્કની બાજુમાં, તીરૂપતિ કોમ્પલેક્ષ દુકાન નં.૩૧/૦૨ "શીવ એન્ટરપ્રાઈઝ" નામની દુકાન ખાતે આરોપી ગૌરવ ગીરીશચન્દ્ર પાંડે (રહે.ત્રીજો માળ મિત્તલ એપાર્ટમેન્ટ કલ્યાણનગર સોસાયટી, બનારસ પાન પાર્લરની બાજુમાં ગુરૂદ્વારા સામે પુનીત આશ્રમ રોડ મણીનગર) એ ગોપાલભાઈના પિતા તથા મોટાભાઈનો વિશ્વાસ કેળવી, ગોપાલભાઈ પાસેથી એડવાન્સમાં કુલ ૧૫ એ.સી. ના કુલ રૂપિયા ૩,૬૦,૦૦૦/– મેળવી લઈ આજદિન સુધી બુક કરાવેલ ૧૫ એ.સી. ની ડિલવરી નહી આપી ગોપાલભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૩૮/૨૦૨૬**

નવરંગપુરાઃ સંજીવભાઇ સ/ઓ રશ્મીભાઇ સોદાગર (ઉ.વ.૫૪)(રહે,કામધેનુ સોસાયટી, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, પાલડી) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૨૦૨૬ કલાક ૧/૪૦ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી, એચ.સી.જી હોસ્પિટલ સામે દેવશ્રુતી કોમ્પ્લેક્ષ, પહેલા માળે આવેલ દુકાન નંબર–૦૫ "પદ્માવતી કોર્પોરેશન" નામની દુકાનના શટરના બંને સાઇડના નકુચા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬,૨૫,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એ.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૫૩૯/૨૦૨૬**

સરદારનગરઃ હનીફભાઈ ખેરાતીભાઈ શેખ (ઉ.વ.૪૧)(રહે.લક્ષ્મીનગર શર્મા હ્યુન્ડાઈ સામે, સુતરના કારખાના પાસે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૨૦૨૬ કલાક ૦૧/૧૫ થી કલાક ૦૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઈ જેસંગભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી